Government Arts College, Kaparada
સરકારી વિનયન કોલેજ, કપરાડા
મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પાસે તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭
સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, URL: www.kaparadacollege.org

GACK/2023/EOC/138

DATE: 02/08/2023

સરકારી વિનયન કોલેજ
કપરાડા, જી.વલસાડ.
આવક નં. ...138.....
તારીખ 02/08/2023

## કાયદાકીય માર્ગદર્શન હેતુ સેમીનાર કાર્યક્રમ અહેવાલ

તા.01/08/2023 ના રોજ સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. પ્રફુલ્લ કુરકુટીયા સાહેબની અધ્યક્ષતામાં Equal Opportunity Cell અંતર્ગત જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રીની કચેરી વલસાડના સંયુક્ત ઉપક્રમે ઘરેલું હિંસા અધિનિયમ – 2005 હેઠળ કાયદાકીય માર્ગદર્શન હેતુ સેમિનાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમનો આરંભ હાજર મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો. ત્યારબાદ ડૉ. કુરકુટીયા સાહેબે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું. ત્યારબાદ કાર્યક્રમમાં કપરાડા પોલીસ સ્ટેશનના PSI શ્રી ડામોર સાહિબાએ મહિલા કાનૂની માર્ગદર્શન, ઘરેલું હિંસા અને દરેક મહિલાઓએ રાખવાની સાવચેતી અંગે માહિતી આપી. ત્યારબાદ કાર્યક્રમમાં ઉપસ્થિત વકીલશ્રી અલ્પેક્ષાબેન પટેલે મહિલાઓને લગતા કાયદા, હક્કો અને પોક્સો એક્ટથી સૌને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ PBSC કાઉન્સેલર માધવીબેન પટેલ દ્વારા 'મહિલા સહાયતા કેન્દ્ર' વિશે માહિતી આપવામાં આવી. ગાયત્રીબેન રાઠોડ દ્વારા '181' અભયમ' હેલ્પલાઈનની સેવા અને કામગીરીથી સૌ વિદ્યાર્થીઓને પરિચિત કર્યા. અને 'સખી વન સ્ટોપ સેન્ટર' સંચાલક જ્યોતિબેને સખી વન સ્ટોપ સેન્ટરની સેવાનો પરિચય આપ્યો. ત્યારબાદ પ્રોટેક્શન અધિકારી શ્રી કમલેશભાઈ ગિરાસે સાહેબે ઘરેલું હિંસા શું છે ? સોશિયલ મિડિયાના લાભો અને '181' એપ અને 'સંકટ સખી' એપ નું મહત્વ સમજાવ્યું. જિલ્લા મહિલા કલ્યાણ અધિકારીશ્રીએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. અંતમાં મહિલાઓ સાથે ઓફિસમાં શાળા કોલેજોમાં અને અસંગઠિત ક્ષેત્રની મહિલાઓને હેરાન કરવામાં આવે છે. ત્યારે લેવાના પગલા વિશે એક ટૂંકા વિડિયો દ્વારા સમજાવવામાં આવ્યું. ત્યારબાદ કાર્યક્રમની આભારવિધિ પ્રાધ્યાપિકા રશ્મિતા રાઠોડ દ્વારા કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રોશનીબેન દ્વારા કરવામાં આવ્યું.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.